ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

ક્રમાંક:તલમ/૧૦૨૦૧૮/૪૫૯૪૬૬/ર(૧)

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૪/૧૦/૨૦૧૮

## અધિસૂચના :-

ક્રમાંક : કેએચઆર/૨૦૧૮/૨૩૪/તલમ/૧૦૨૦૧૮/૪૫૯૪૬૬/ર(૧)

શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના રોજગાર અને તાલીમ નિયામક ખાતામાં ગુજરાત કૌશલ્ય તાલીમ સેવા, વર્ગ-૧ સંવર્ગમાં મદદનીશ નિયામક/આચાર્ય (વર્ગ-૧) ની જગ્યાઓ પર ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી પસંદગી પામેલ સીધી ભરતીના ઉમેદવારોને પે-મેટ્રીક્સના **Level-10** (રૂ.૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦/-) ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે અધિસૂચનાની તારીખથી દિન-૩૦માં હાજર થવા નીચેના ઉમેદવારોને તેમના નામ સામે દર્શાવેલ હોદ્દા અને જગ્યા પર નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | નિમણૂંકની જગ્યાનો હોદ્દો | નિમણૂંકનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી હસમુખભાઇ નાનજીભાઇ કાકડિયા | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, પલાણા |
| ૨. | શ્રી કૌશિકકુમાર ભગવાનભાઇ કણઝરિયા | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, દાહોદ |
| ૩. | શ્રી જિતેન્દ્રકુમાર બાલુભાઇ મિસ્ત્રી | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, ગાંધીધામ |
| ૪. | શ્રી નિપુણ પ્રવીણભાઇ રાવલ | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, રાજકોટ |
| ૫. | સુશ્રી ધ્રુતિબેન હરીશભાઇ જોષી | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, ગોધરા |
| ૬. | શ્રી વિમલકુમાર અરવિંદભાઇ ટંડેલ | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, જુનાગઢ |
| ૭. | શ્રી હિતેષ વ્રજલાલ દોમડીયા | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, પાલનપુર |

| | | | |
|---|---|---|---|
| ૮. | શ્રી મુકેશકુમાર શંકરભાઇ પટેલ | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, અમરેલી |
| ૯. | સુશ્રી મયુરી કાંતિભાઇ પ્રજાપતિ | આચાર્ય (વર્ગ-૧) | ઔ.તા.સંસ્થા, પાટણ |

૨. ઉમેદવારે સરકારની સ્થાયી સૂચનાઓ અન્વયે હિન્દી અથવા ગુજરાતીની પરીક્ષા નિયમ મુજબ પાસ કરવાની રહેશે. સિવાય કે તેઓએ આવી પરીક્ષા પાસ કરેલ હોય અથવા મુક્તિ મેળવેલ હોય/મુક્તિ મેળવવાને પાત્ર હોય. પરીક્ષા નિયત સમયમાં પાસ નહિ કરનાર અધિકારીનો ઇજાફો અટકાવી શકાશે.

૩. ઉમેદવારોએ ગુજરાત કૌશલ્ય તાલીમ સેવા, વર્ગ-૧ સંવર્ગમાં મદદનીશ નિયામક/ આચાર્ય (વર્ગ-૧) તરીકે તેમની નિમણૂંક થયેથી નિયમ મુજબ સરકાર સાથે કરાર કરવાનો રહેશે. કરાર પ્રમાણે તેઓ (ક) ઠરાવેલ તાલીમ અભ્યાસક્રમ પૂરો ન કરી શકે અથવા (ખ) પૂર્વ-સેવા તાલીમાન્ત પરીક્ષામાં ઉપસ્થિત ન થઇ શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી ધોરણની નિમણૂંક અંગેના નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પૂરી ન કરી શકે અથવા (ઘ) અજમાયશી મુદત સંતોષકારક પૂરી થયેથી તેમની નિયમિત નિમણૂંકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં સેવા છોડી દે તો સરકારે તેઓને આપેલી તાલીમનો ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકેની એમની નિમણૂંકને પરિણામે એમની તાલીમની મુદત દરમિયાન સરકારે ચૂકવેલ પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુક્ત અને અલગ રીતે બંધાયેલા રહેશે. પરત નહિ કરવામાં આવેલ રકમ જમીન મહેસૂલની બાકી રકમ તરીકે વસુલ કરી શકાશે. અજમાયશી સમયગાળા દરમિયાન જો તેઓ પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા નિયત તકોમાં પાસ ન કરી શકે તો એમની સેવા જાણ કર્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે.

૪. ઉમેદવારે નિયત કરવામાં આવેલી ખાતાકીય પરીક્ષા નિયત તકોમાં પાસ કરવાની રહેશે. સરકાર અને નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર વખતોવખત નિયત કરે તે મુજબની તાલીમ ઉમેદવારે લેવાની રહેશે.

૫. મદદનીશ નિયામક/ આચાર્ય (વર્ગ-૧) ની જગ્યાએ હાજર થતાં પહેલાં અગાઉની સરકારી/અર્ધસરકારી નોકરી છોડીને તે સેવામાંથી છૂટા કરવામાં આવ્યા છે તે મતલબનો ફરજમુક્તિનો હુકમ/રાજીનામા મંજૂરી પત્ર કે હુકમ રજૂ કરવાનો રહેશે.

૬. તેઓએ ઉપર દર્શાવેલ જગ્યા પર હાજર થતી વખતે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૮ (૧એ) ની જોગવાઇને અનુલક્ષીને, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નિયત કરાયેલ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતાં હોવાનું કોઇપણ સંસ્થાનું પ્રમાણપત્ર અચૂકપણે રજુ કરવાનું રહેશે.

૭. આ નિમણૂંક શરતી ગણાશે અને તબીબી ચકાસણી તેમજ ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસ ના પ્રમાણપત્રને આધીન રહેશે. ઉમેદવારે સદરહુ સરકારી નોકરી માટે યોગ્ય હોવા અંગેનું તબીબી ચકાસણીનું સરકારી હોસ્પિટલનું પ્રમાણપત્ર તથા ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસ અંગેનું પોલીસ પ્રમાણપત્ર નિમણૂંકના ૬ માસમાં રજૂ કરવાનું રહેશે. જો ઉપરોક્ત પ્રમાણપત્રોમાં કોઇ બાબત વાંધાજનક જણાશે તો સંબંધિત ઉમેદવારની નિમણૂંક રદ કરી શકાશે.

૮. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયે લાંબાગાળાની/નિયમિત નિમણૂંક આપવામાં આવશે. તેવી નિયમિત નિમણૂંક આપતો હુકમ થયેથી નિયમિત નિમણૂંક આપેલી ગણાશે.

૯. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત વધારવામાં આવશે. જે અંગે અલગ હુકમ કરવામાં આવશે.

૧૦. નોકરીની અન્ય શરતો જેવી કે શિસ્ત-વર્તણૂંક, પગાર ભથ્થાં, પેશગીઓ વગેરે સરકારે વખતો વખત નક્કી કરેલા નિયમોથી વિનિયમિત થશે.

૧૧. સદર નોકરી બદલીપાત્ર છે અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે બદલી કરવામાં આવશે.

૧૨. નાણા વિભાગના તા.૧૮/૨/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/એસ/૨૦૦૩/જીઓઆઇ/૧૦/પી થી નક્કી થયેલ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

૧૩. ઉમેદવારે સામાન્ય વહિવટ વિભાગના તા.૩/૧૨/૧૯૮૬ ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૧૮૬/યુઓ/૨૨૪૪/ગ-૨ મુજબ સોગંદ લેવાના રહેશે. ત્યારબાદ જ આ જગ્યાએ હાજર થઇ શકશે.

૧૪. ઉપરોક્ત શરતોમાંથી કોઇપણ શરતનો ભંગ થતો જણાશે તો અજમાયશી સમય દરમિયાન પણ નોકરીમાંથી છૂટા કરી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.સી.પટેલ)
ઉપસચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ,

૧. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૨. સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, છ-૩ સર્કલ પાસે, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર (પત્ર દ્વારા)
૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
૫. તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી, રોજગાર અને તાલીમ,ગાંધીનગર મારફત)
૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ.

૭. મહાલેખાકારશ્રી (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૮. મહાલેખાકારશ્રી, (હિસાબ અને અધિકારપત્ર) ગુજરાત રાજ્ય, રાજકોટ.

૯. મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર તરફ આ અધિસૂચના ગુજરાત સરકારના ગેઝેટમાં (પ્રસિધ્ધ કરી આ વિભાગને ૧૦ નકલો મોકલી આપવાની વિનંતી સહ)

૧૦. તમામ સબંધિત અધિકારીશ્રીઓ (રજી.પો.એ.ડી.દ્વારા)

૧૧. ટેકનીકલ અધિકારીશ્રી, આઇ.ટી.સેલ, શ્રમ અને રોજગાર વિભાગ તરફ- વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારુ

૧૨. શાખા સિલેક્ટ ફાઇલ

૧૩. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ